**ગણેશ મહોત્સવને લઈને પોલીસનું કડક વલણ | ડીજેના અવાજ પર મર્યાદામાં રાખવા પોલીસની સૂચના**

# પેટલાદના તમામ મોટા ગણેશ પંડાલોમાં સીસીટીવી કેમેરા રાખવા તાકીદ કરાઈ

**પાલિકા** સભાખંડમાં નાયબ પોલીસ અધિક્ષકે શાંતિ સમિતિ બેઠક યોજી

(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૩

પેટલાદમાં પ્રતિ વર્ષ મુજબ આ વખતે ૫૦થી વધુ મોટા ગણેશ સ્થાપન થનાર છે. જેની પૂર્વ તૈયારીઓ અંતિમ તબક્કામાં છે. ગણેશ મહોત્સવની ઉજવણી ધામધૂમથી શાંતિ પૂર્વક સંપન્ન થાય તે માટે ગતરોજ શાંતિ સમિતીની બેઠક યોજાઈ હતી. આ વખતે જે મંડળો દ્વારા મોટું આયોજન કરવામાં આવે છે એ તમામ લોકોએ સીસીટીવી કેમેરાની વ્યવસ્થા ફરજીયાત કરવાની રહેશે. ઉપરાંત ડીજે સાઉન્ડનો અવાજ મર્યાદિત રાખવા પોલીસ અધિકારીએ આયોજકોને અપીલ કરી હતી.


પેટલાદ નગર પાલિકા સભાખંડમાં ગતરોજ સવારે ૧૨ કલાકે ડીવાયએસપી એચ બી વાઘેલાના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતીની બેઠક યોજાઈ હતી. જેમાં ટાઉન પીઆઈ વી પી ચૌહાણે જણાવ્યું હતું કે દરેક મંડળોએ પરવાનગી ફરજીયાત લેવાની રહેશે. જે મંડળો વિસર્જન યાત્રામાં જોડાવવાના હોય તેઓએ અગાઉથી પોલીસને જાણ કરવાની રહેશે. ઉપરાંત જે મંડળો સ્વૈચ્છિક રીતે વિસર્જન


તસવીરઃ વિનાયક આણંદજીવાલા

કરવા જવાના હોય તેઓએ પણ પોલીસને જાણ કરવા સૂચન કર્યું હતું. વિસર્જનના દિવસે દરેક ડીજે સાઉન્ડ એચડીએફસી બેંકથી સીધા કોલેજ ચોકડી તરફ જવાનું રહેશે. આયોજકો ફક્ત મૂર્તિનું વાહન જ નારાયણ કુંડ સુધી જઈ શકશે. ઉપરાંત તેઓએ જણાવ્યું હતું કે કેટલાક મંડળો છેલ્લા અને મોડા વિસર્જન કરવા જવાનો આગ્રહ રાખતા હોય છે તેઓએ સમયસર સાંજે 7 કલાક સુધીમાં નારાયણ કુંડ પહોંચવાનું રહેશે.

આ બેઠકમાં ડીવાયએસપી એચ બી વાઘેલાએ જણાવ્યું હતું કે આગમન, આયોજન અને વિસર્જન પાછળ લાખો રૂપિયા ખર્ચ કરે છે એ તમામ મંડળોએ સીસીટીવી કેમેરાનો સામાન્ય ખર્ચ પાડવો પડશે. આ કેમેરા લગાવવાથી લોકોની સુરક્ષા અને સલામતી જળવાશે. કોઈ અસમાજીક તત્વો કંઈપણ અગમ્ય કામ કરશે તો તરત પકડી શકાશે. જેથી મોટા તમામ મંડળોએ સીસીટીવી કેમેરાની. વ્યવસ્થા પ્રથમ દિવસથી કરવાની રહેશે. ઉપરાંત ડીજે સાઉન્ડના મોટા અવાજના કારણે લોકોના આરોગ્ય જોખમાય છે. પ્રદૂષણ ફેલાવતા આવા ડીજેનો અવાજ મર્યાદિત રાખવા ડીવાયએસપી એચ બી વાઘેલાએ અપીલ કરી હતી. ગતરોજ યોજાયેલી શાંતિ સમિતીની બેઠકમાં પોલીસ અધિકારીઓ, આયોજકો ઉપરાંત સમાજના આગેવાનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## કપડવંજમાં પર્યુષણ પર્વે જિનાલયોમાં આંગી દર્શનનો ભક્તિમય માહોલ



કપડવંજનો જૈન સમાજ પર્વાધિરાજ પર્યુષણ પર્વ નિમિત્તે ભક્તિમય બની ગયો છે. શ્રાવક-શ્રાવિકાઓ વહેલી સવારથી વિવિધ જિનાલયોમાં પૂજા-સેવા કર્યા બાદ જિનભક્તિમાં લીન થઈ ગયા છે. પર્વના પ્રારંભ સાથે જ નગરના વિવિધ જિનાલયોમાં આંગીના ભાવિક દર્શન થઈ રહ્યા છે. વાઘ વાળી ખડકીમાં બિરાજમાન ચિંતામણી પાર્શ્વનાથ દેરાસરમાં આંગી દર્શનનો ધર્મપ્રેમી જનતાએ લાભ લીધો હતો.

**તસવીર : હરિશ જોષી**

**ગાંધીનગરમાં એચટાટ મુખ્ય શિક્ષકોના એકદિવસીય ધરણાનું આયોજન**

# ચરોતરના મુખ્ય શિક્ષકો વિરોધ પ્રદર્શનમાં જોડાશે

**વહીવટી** અને ન્યાયિક માંગણીઓના ઉકેલ માટે આંદોલાત્મક કાર્યક્રમ અપાયો

(પ્રતિનિધિ) કપડવંજ તા.૧૩

ગુજરાત રાજ્ય મુખ્ય શિક્ષક સંઘ (સૂચિત) દ્વારા પોતાની વિવિધ પડતર ન્યાયિક અને વહીવટી માંગણીઓના નિરાકરણ અર્થે ગાંધીનગરના સત્યાગ્રહ છાવણી મુકામે ૧૪મીના રોજ એકદિવસીય શાંતિપૂર્ણ પ્રતીક ધરણાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સંઘના હોદ્દેદારોના જણાવ્યા અનુસાર, સરકાર અને શિક્ષણ વિભાગમાં વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ આકારાત્મક ઉકેલ ન આવતાં આ આંદોલનાત્મક પગલું ભરવાની ફરજ પડી છે.

આ અંગે સંઘના પ્રમુખ અપૂર્વ શ્રીમાળી, મહામંત્રી વિશાલ પટેલ અને સંગઠન મંત્રી મનોજ પટેલે સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે, તમામ પ્રકારની બદલીઓ માટે સ્પષ્ટ અને યોગ્ય નીતિ ઘડવી જોઈએ, બઢતી મેળવેલા શિક્ષકોને એક ઈજાફો આપવો તથા ગ્રાન્ટેડ શાળાઓના શિક્ષકોની સેવા સળંગ ગણવી, શાળાઓમાં ક્લાર્કની જગ્યાઓ ભરવી, સમયસર ગ્રાન્ટની ફાળવણી કરવી તેમજ વારંઘડીએ બદલાતી બેન્કિંગ પ્રણાલીમાં સ્થિરતા લાવવી, અગાઉના સમયમાં વેકેશન દરમિયાન કરેલી કામગીરીની રજાઓ જમા આપવા માગણી કરી છે.

ખેડા જિલ્લા પ્રમુખ કનુભાઇ રોહિત તથા મહામંત્રી કુલદીપસિંહ ચૌહાણે જિલ્લાના તમામ મુખ્ય શિક્ષકોને આ પ્રતીક ધરણાં કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આહવાન કર્યું છે. આ ધરણાં કાર્યક્રમમાં કપડવંજ તાલુકાના ૨૫ જેટલા શિક્ષકો અને ખેડા જિલ્લામાંથી કુલ ૨૦૦ જેટલા મુખ્ય શિક્ષકો ગાંધીનગર ખાતે જોડાશે. આ ઉપરાંત આણંદ અને મહિસાગર જિલ્લાના પણ શિક્ષકો આ આંદોલનમાં જોડાશે.

# આણંદ જિલ્લા પંચાયતમાં વિપક્ષનેતાનીનિમણૂંકકરાઈ

**જિલ્લા પંચાયતમાં** નેતા, ઉપનેતા અને દંડકની કરાઇ સત્તાવાર નિમણૂક

(પ્રતિનિધિ) આણંદ તા.૧૩



આણંદ જિલ્લા પંચાયતમાં કોંગ્રેસ પક્ષની કામગીરીને વધુ મજબૂત બનાવવા અને જનપ્રશ્નોના ઉકેલ લાવવાના રાજકીય હેતુથી નવા હોદ્દેદારોની સત્તાવાર વર્ણી કરવામાં આવી છે. ધારાસભ્ય અમિત ચાવડાએ આણંદ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અલ્પેશભાઈ પઢીયારને પત્ર લખીને જિલ્લા પંચાયતમાં કોંગ્રેસ પક્ષના નેતા, ઉપનેતા અને દંડકના નામોની જાહેરાત કરી છે.

આણંદ જિલ્લા પંચાયતમાં કોંગ્રેસ દ્વારા નિયુક્ત કરાયેલા હોદ્દેદારોમાં વિપક્ષના નેતા તરીકે પીયુષકુમાર તખતસિંહ રાજ (રહે. અડાસ, તા. આણંદ), ઉપનેતા તરીકે જયદીપસિંહ ઉમેદસિંહ ગોહેલ (રહે. દાવોલ, તા. બોરસદ) અને દંડક તરીકે વિજયસિંહ ગણપતસિંહ ચૌહાણ (રહે. ખોરવાડ, તા. ઉમરેઠ)ની નિમણૂંક કરવામાં આવી છે.

આ અંગે ધારાસભ્ય અમિત ચાવડાએ નિમણૂક પત્રમાં આશા અને વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે નવા નિમાયેલા હોદ્દેદારો આણંદ જિલ્લામાં લોકોપયોગી કામગીરી કરશે અને પ્રજાના પ્રશ્નોનું અસરકારક નિવારણ લાવશે. આ સાથે તેઓ કોંગ્રેસ પક્ષની વિચારધારાને અનુરૂપ રહીને પોતાનું સક્રિય યોગદાન આપશે.

# ભાદરણમાં અદાવતમાં યુવક પર કાર ચઢાવી હત્યાનો પ્રયાસ

**જૂના ઝઘડાની રીસ** રાખી રાલજના શખસે બાઈકસવારને કારથી ટક્કર મારી

(પ્રતિનિધિ) બોરસદ તા.૧૩

બોરસદ તાલુકાના ભાદરણ ગામમાં અગાઉ થયેલા ઝઘડાની રીસ રાખીને એક યુવક પર પૂરઝડપે કાર ચઢાવી તેને જાનથી મારી નાખવાનો સનસનાટીભર્યો પ્રયાસ થતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. આ બનાવ અંગે ભાદરણ પોલીસે ભોગ બનનાર યુવકની ફરિયાદના આધારે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) હેઠળ હત્યાના પ્રયાસનો ગુનો નોંધી તેની અટકાયત કરવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી વિગતો અનુસાર, ભાદરણના પ્રતાપપુરા રબારીવાસમાં રહેતા ૩૧ વર્ષીય મેહુલકુમાર રજાભાઇ રબારી ખાનગી નોકરી કરે છે. ગત તારીખ ૧૨મી સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સવારે આશરે ૬:૪૫ વાગ્યાના સુમારે મેહુલકુમાર પોતાના મોટરસાયકલ પર સવાર થઈને ભાદરણ મિત્ર મંડળ દવાખાના સામેના રોડ પરથી પસાર થઈ રહ્યા હતા.

તે સમયે અગાઉ થયેલા ઝઘડાની મનદુઃખ રાખીને ખંભાત તાલુકાના રાલજ ગામે રહેતો આરોપી દીપ દિનેશભાઈ રબારી પોતાની સફેદ રંગની હોન્ડા અમેઝ કાર પૂરઝડપે લઈને આવ્યો હતો અને મેહુલકુમારને જાનથી મારી નાખવાના સ્પષ્ટ ઈરાદા સાથે તેમની મોટરસાયકલ સાથે સામેથી કારની જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં મેહુલકુમાર બાઈક સાથે હવામાં ઉછળીને રોડ પર પટકાયા હતા અને તેમને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપી દીપ રબારી પોતાની કાર લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

આ ઘટનાને પગલે આજુબાજુના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત મેહુલકુમારને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા. આ બનાવ અંગે ભાદરણ પોલીસે મેહુલકુમાર રબારીની ફરિયાદના આધારે દીપ દિનેશભાઈ રબારી વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદાકીય તપાસ હાથ ધરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### લુણાવાડા તાલુકાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે ચિરાગકુમાર પંચાલને એવોર્ડથી સન્માનિત કરાયાં



**લુણાવાડા |** લુણાવાડા ખાતે આવેલા બાવન પાટીદાર સમાજઘરમાં મહીસાગર જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક-૨૦૨૬ સમારંભનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ગૌરવપૂર્ણ સમારોહમાં નાળના મુવાડા પ્રાથમિક શાળાના નિષ્ઠાવાન શિક્ષક અને મઘવાસ ગામના વતની ચિરાગકુમાર કનૈયાલાલ પંચાલનું વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું. શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી, શાળા પ્રત્યેનું સમર્પણ અને સામાજિક યોગદાન બદલ પૂર્વ શિક્ષણમંત્રી ડો. કુબેરભાઈ ડિંડોર તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે તેમને શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ, સન્માનપત્ર અને પુરસ્કાર આપી સન્માનિત કરાયા હતા.

### આંકલાવની હળદરી પ્રાથમિક શાળામાં ‘બાળ રંજન રંગારંગ સભા’ યોજાઈ



**આંકલાવ |** ગુજરાત સાહિત્ય પરિષદ અને સાંદિપની પર્વના સંયુક્ત ઉપક્રમે આંકલાવની હળદરી પ્રાથમિક શાળા ખાતે ઉત્સાહસભર માહોલમાં ‘બાળ રંજન રંગારંગ સભા’નું ભવ્ય આયોજન થયું હતું. આ પ્રસંગે જાણીતા બાળસાહિત્યકાર તન્વી કે. ટંડેલે રોચક શૈલીમાં બાળગીતો, કાવ્યો અને વાર્તાઓ પીરસી બાળકોને મંત્રમુગ્ધ કર્યા હતા. શાળાના આચાર્ય વર્ષાબેન પરમાર, શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહભેર મંચ પર આવીને વાર્તાકથન અને બાળગીતો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત યોજાયેલી વેષભૂષા સ્પર્ધામાં સુંદર પ્રસ્તુતિ કરનાર બાળકોને ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

### ખેડા જિલ્લાની પૌષ્ટિક વાનગી સ્પર્ધામાં કપડવંજ સેજાના 3 બહેનો વિજેતા બન્યાં



**કપડવંજ |** ખેડા જિલ્લાની ઘટક કક્ષાની પૌષ્ટિક વાનગી સ્પર્ધામાં કપડવંજ સેજાના ૩ બહેનો વિજેતા જાહેર થયા છે. ટી.એચ.આર. વાનગી વિભાગમાં કસ્બા આંગણવાડી કેન્દ્રના પ્રિયાબેન પ્રથમ અને રેલવે સ્ટેશન કેન્દ્રના હેતલબેન દ્વિતીય સ્થાને રહ્યા છે. મિલેટ્સ વિભાગમાં કુબેરજી મહાદેવ ટેકરો કેન્દ્રના દીપિકાબેને પ્રથમ સ્થાન મેળવ્યું છે. આ સફળતા બદલ તમામ વિજેતાઓને ઘટક-૧ અને ૨ ના સીડીપીઓ તથા આંગણવાડી સ્ટાફે અભિનંદન પાઠવ્યા છે.

### આણંદ શહેરની અંબાલાલ બાલશાળા ખાતે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી



**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત અંબાલાલ બાલશાળા, આણંદ ખાતે શિક્ષક દિન નિમિત્તે પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના નાના ભૂલકાઓએ ઉત્સાહભેર બાળ શિક્ષક બનીને શિક્ષણકાર્યનો અનુભવ મેળવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન શાળાના આચાર્યશ્રીએ ભૂલકાઓને યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. બાળ શિક્ષકોના આ પ્રયાસમાં આત્મવિશ્વાસ, નેતૃત્વ અને જવાબદારીના ઉત્કૃષ્ટ ગુણો જોવા મળ્યા હતા તથા કાર્યક્રમની સફળતા બદલ સંસ્થા પરિવારે શુભેચ્છાઓ પાઠવી હતી.

### રાસનોલની શાળામાં મનોવિજ્ઞાન વિભાગ દ્વારા આત્મહત્યા નિવારણ જાગૃતિ નાટક ભજવાયું



**આણંદ |** રાસનોલની નર્મદા બા શાંતિલાલ શેઠ વિદ્યાલય ખાતે ‘આત્મહત્યા નિવારણ સપ્તાહ’ નિમિત્તે સરદાર પટેલ યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા વિદ્યાર્થીઓમાં માનસિક સ્વાસ્થ્ય અંગે જાગૃતિ લાવવા વિશેષ નાટકનું આયોજન કરાયું હતું. આ સ્પર્ધાત્મક યુગમાં વિદ્યાર્થીઓ તણાવમુક્ત રહે અને પોતાનું મનોબળ મજબૂત બનાવે તે હેતુથી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ જીવંત અભિનય દ્વારા અસરકારક રજૂઆત કરી હતી. આ કાર્યક્રમમાં પ્રાધ્યાપક પંકજભાઈ, મહેન્દ્રભાઈ તથા કેળવણી મંડળના મંત્રી કે. કે. પટેલ ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

### ખેડા શહેરમાં મહાવીર જન્મ વાંચન નિમિત્તે ભવ્ય પ્રભાતફેરી યોજવામાં આવી

**ખેડા |** ખેડા સ્થાનકવાસી જૈન સંઘ દ્વારા પર્યુષણ પર્વ અંતર્ગત ભગવાન મહાવીરના જન્મ વાંચન પવિત્ર દિવસે પ્રભાતફેરીનું



આયોજન કરવામાં આવ્યું હતું. ખેડાના સ્થાનકવાસી જૈન ભાઈઓ દ્વારા છેલ્લા 45 વર્ષ કરતા પણ વધુ સમયથી આ પ્રભાતફેરી યોજવાની પરંપરા જાળવી રાખવામાં આવી છે. સવારે 7 કલાકે ગાંધીપોળના ઉપાશ્રયથી શરૂ થયેલી આ પ્રભાતફેરી ખેડા શહેરના તમામ મુખ્ય માર્ગો પર ફરી હતી. “ત્રિશલા નંદન વીર કી... જય બોલો મહાવીર કી...▯ ના નારા સાથે મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ ભક્તિભાવપૂર્વક ફેરીમાં જોડાયા હતા.

### કપડવંજમાં ‘યુવા ઉદઘોષ’: પાંચ હજાર લોકોએ એકસાથે સંપૂર્ણ વંદે માતરમ્ ગાન કર્યું

**કપડવંજ |** કપડવંજ શહેર ભાજપ યુવા મોરચા દ્વારા ‘યુવા ઉદઘોષ’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બાપા ઓફ કાછીયાવાડ



ગણપતિના આગમન સમારોહમાં વંદે માતરમ્ ગાનને ૧૫૦ વર્ષ પૂર્ણ થતાં આ વિશેષ ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે આશરે ૫,૦૦૦ લોકોએ એકસાથે સંપૂર્ણ વંદે માતરમ્ ગાન કરી દેશભક્તિનો માહોલ સર્જ્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ અને યુવા મોરચાના હોદ્દેદારો તથા સમગ્ર ટીમ ઉપસ્થિત રહી હતી.

### બીવીએમ કોલેજ જીટીયુ સ્પિરિટ ટુર્નામેન્ટની વિવિધ સ્પર્ધાઓમાં ચેમ્પિયન બની



**આણંદ |** બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ વિવિધ GTU સ્પિરિટ ઝોનલ અને ઇન્ટર-ઝોનલ ટુર્નામેન્ટમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. આ ટુર્નામેન્ટ્સમાં BVMની બોયઝ અને ગર્લ્સ બંને ચેસ ટીમ તેમજ બોયઝ કબડ્ડી ટીમ ચેમ્પિયન બની હતી. આ ઉપરાંત, બેડમિન્ટનમાં બોયઝ ટીમ ચેમ્પિયન અને ગર્લ્સ ટીમ રનર્સ-અપ રહી હતી, જ્યારે રેસલિંગમાં BVMના બે વિદ્યાર્થીઓ ચેમ્પિયન બન્યા હતા. આ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ખેલાડીઓની AIU માટે પસંદગી થતાં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ અને પ્રિન્સિપાલ સહિત સમગ્ર BVM પરિવારે તેમને અભિનંદન પાઠવ્યા છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજમાં મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ પંચ દ્વારા સામવેદી શ્રાવણી પર્વની ઉજવણી કરવામાં આવી



**કપડવંજ |** પંચની વાડીમાં ભાદરવા સુદ-૨ના દિવસે સામવેદી બ્રાહ્મણોએ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર શ્રાવણી ઉપાકર્મ ઉત્સવની ઉજવણી કરી હતી. સમગ્ર વર્ષ દરમિયાન થયેલા પાપોના ક્ષયાર્થે ઋષિ તર્પણ, દેવ તર્પણ અને પૂજન કરીને ભૂદેવોએ નિષ્પાપ થઈ નૂતન યજ્ઞોપવીત ધારણ કર્યું હતું. ભૂદેવોના સાનિધ્યમાં શાસ્ત્રોક્ત વિધિથી યજ્ઞોપવીત ધારણ કર્યા બાદ આચાર્ય દ્વારા રક્ષા સૂત્ર બાંધી રક્ષાબંધન પર્વ પણ ઉજવાયું હતું. જ્ઞાતિ પંચના પ્રમુખ ભદ્રેશ ભટ્ટ સહિત હોદ્દેદારો અને જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ સંપન્ન થયા બાદ સાંજે ભોજન સમારંભ યોજાયો હતો.

### આણંદમાં જાણીતા સાહિત્યકાર માવજી મહેશ્વરીનું સન્માન: ‘સર્જક સંવાદ’ કાર્યક્રમ યોજાયો

**આણંદ |** આણંદના સરકારી જિલ્લા પુસ્તકાલય ખાતે અખિલ ભારતીય



સાહિત્ય પરિષદ અને જિલ્લા પુસ્તકાલયના સંયુક્ત ઉપક્રમે ‘સર્જક સંવાદ’ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે જાણીતા સાહિત્યકાર શ્રી માવજી મહેશ્વરીનું તેમની સર્જનયાત્રા સંદર્ભે પ્રાંત મંત્રી ડો. મહેન્દ્ર નાયી અને ગ્રંથપાલ શ્રી પી. જી. મહિડાના હસ્તે સન્માન કરાયું હતું. મુખ્ય વક્તા તરીકે માવજી મહેશ્વરીએ વિદ્યાર્થીઓ અને વાચકો સાથે સંવાદ સાધી યુવા સર્જકોને વાંચન-લેખન માટે પ્રેરિત કર્યા હતા. આ કાર્યક્રમમાં ડો. રમેશ ચૌધરી, ડો. પરેશ ત્રિવેદી સહિત સાહિત્યકારો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**જાહેર હરાજી**

**આથી રસ ધરાવતાં ઈસમોને જણાવવાનું કે, મોજે શેખુપુર ગ્રામ પંચાયત, તા.માતર, જી.ખેડા ગામે આવેલ જર્જરિત પાણીની ટાંકીનાં બાંધકામનાં કાટમાળની જાહેર (હરાજી) તા.૧૬/૦૯/૨૬ નાં રોજ બુધવારે બપોરે ૦૩-૦૦ વાગે ગ્રા. પં. શેખુપુર ખાતે રાખેલ છે. હરાજીની તમામ શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.**

**સહી/-તલાટી કમ મંત્રી**
શેખુપુર ગ્રામ પંચાયત
તા.માતર, જી.ખેડા

**સહી/-સરપંચશ્રી**
શેખુપુર ગ્રામ પંચાયત
તા.માતર, જી.ખેડા